CAREERINDIA

ગુજરાતી

GUJARATI

સમય સીમા:૩ કલાક કુલ:અંક : ૧૦૦

Time allowed : 3 hours Maximum Marks : 100

## SECTION - A

### (Advanced Reading Skill)

(1) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. 10

માનવીવિકાસયાત્રાની કરુણતા જ એછે કે યુધ્ધોથી માનવી થાક્યો છે. વિલાસ, મુકતા અને રાગરંગ પણ તેને સાચા સુખનો અનુભવ કરાવી શક્યાં નથી. એ સુખ પ્રાપ્ત કરવાનાં હવાતિયાં મારે છે, પણ તે પ્રાપ્ત કરવાનો તેનો રાહ ખોટો ખોટૉ છે. માનવતા ને કેન્દ્રમાં રાખ્યા સિવાયની શોધો કે ભૌતિક સાધન સામગ્રીઓ ભાગ્યે જ સુખ અને શાંતિનો અનુભવ કરાવી શકે. એથીજ આજે યુરોપ કે અમેરિકામાં પણ માનવીને નિરાંત નથી. સમૃધ્ધિ વચ્ચે પણ માનવી ખોવાયેલો, રઘવાયેલો દેખાય છે. આજના માનવીની સ્થિતિ પાની મે મીન પિયાસી જેવી થઇ છે. તેથી પેલી પરમ શાંતિ અને મુક્તિની પ્યાસ છીપતી નથી. અને તરસ્યો જીવ વ્યાકુળતા અનુભવે છે.

પ્રશ્નો:

(1) સમૃધ્ધિ વચ્ચે પણ માનવી કેવો દેખાય છે?

(2) આજના માનવીની સ્થિતિ કેવી થઇગઇ છે? શામાટે?

(3) માણસને કઇ બાબતો સાચાસુખનો અનુભવ કરાવી શક્યાં નથી?

(4) કેવળ ભૌતિક સધનસામગ્રી શા માટે સુખ અને શાતિનો અનુભવ કરાવી શકે નહી?

(5) પાની મે મિન પિયાસી શબ્દનો અર્થ સમજાવો.

## SECTION - B

### ( Effective Writing Skills)

(અ) નીચે આપેલ વિષયોમાંથી કોઇ પણ એક વિષય પર ૨૦૦ (બસો) શબ્દોમાં નિબંધ લખો. 8

(1) આ કોમવાદ ભારતને ભરખી જશે

(2) દહેજ એક સામાજિક દૂષણ

(3) એક સુશિક્ષિત બેકારની આત્મકથા

(બ) નીચે આપેલ મુદ્દાઓને આધારે વાર્તારચના કરી તેને યોગ્ય શીર્ષક આપો. 6

એક રાજા અને પ્રધાનની ગાઢ દોસ્તી- રાજાનો અંગૂઠો કપાવવવો-જે થાય તે સારામાટે પ્રધાનનું કહેવું- રાજાનો ક્રોધ- પ્રધાનને દેશનિકાલ- રાજા અરણ્યમાં શિકાર માટે માર્ગ ભૂલવો-ચોરોનાહાથમાં- યજ્ઞમાંહોમવા બત્રીસલક્ષણાની જરૂર- મોતના મોમાં-અરે! અંગૂઠો કપાયેલો છે,- ચોરનું નિરિક્ષણ- રાજાની મુક્તિ- પ્રધાનની શોધ- ક્ષમા-બોધ-શીર્ષક.

www.careerindia.com

CAREERINDIA

(ક) તમારો મિત્ર છમાસિક પરીક્ષામાં અનુત્તીર્ણ થયો છે તેને આશ્વાસન અને પ્રેરણા આપતો પત્ર લખો. 6

અથવા

મ્યુનિસિપાલિટી ના પાણી- પુરવઠા વિભાગના અધિકારી ને પત્ર દ્વારા જણાવો કે તમારા વિસ્તારમાં પૂરતો સમય પાણી આવતું નથી.

## SECTION - C

## (Applied Grammar)

3 (અ) સૂચના પ્રમાણે વાક્ય- પરિવર્તન કરો. 3

(1) આકાશમાં મજાનું સુંદર દ્રશ્ય રચાયું હતું (ઉદગારવાક્ય)

(2) સુવર્ણ ઝાંખું પડયું. (ઉદગાર વાક્ય)

(3) ગ્રહો તારાની માફક ટમકતા નથી. (પ્રશ્નાર્થ વાક્ય )

(બ) નીચે આપેલ શબ્દોના રૂઢિપ્રયોગના અર્થ લખો. 3

(1) પેટમાંફાળ પડવી.

(2) દંગ રહી જવું.

(3) ધર્મસંકટ ઊભુંથવું.

(ક) નીચેના વાક્યોના કાળ સૂચના પ્રમાણે બદલો. 3

(1) સંગીતનુંજ્ઞાન લેવા જેવું હશે . (વર્તમાન કાળ)

(2) આવું સરસ પ્રદર્શન કોણેગોઠવ્યું? (ચાલુ ભવિષ્યાકાળ)

(3) બાળકો સુંદર ચિત્ર દોરી રહ્યાં છે. ( પૂર્ણભૂતકાળ)

(ડ) નીચેના વાક્યો સુધારીને લખો. 3

(1) એક દિવસ બપોરમાં ધોમ ધખતી હતી.

(2) ગીતાએ છોકરીને માથામાં ચડાવી છે.

(3) જોઇ કુસુમ પળવાર નિચું રહી.

(ઈ) (1) નીચેની કહેવતોનો અર્થ લખો. 3

(1) ગરથ ગાંઠે ને વિદ્યાપાઠે

(2) સાપગયાને લિસોટા રહ્યા

(3) ખાડો ખોદે તે પડે

(ઈ) (2) સમાનાર્થી શબ્દ આપો. 2

(1) ઠામ

(2) બંદગી

(3) જંગ

(4) કાયા

www.careerindia.com

CAREERINDIA

(ઇ) (3) વિરોધી શબ્દ આપો. 1

(1) તેજ

(2) રૂપ

(ઇ) (4) નીચેના શબ્દોની સંધિવિગ્રહ કરો. 2

(1) ગ્રંથાવલોકન

(2) લાભાલાભ

## SECTION - D

(Literature)

4. (અ) નીચેનામાંથી કોઇ પણ ચાર વિધાનો પૂર્વાપર સંબધ આપી સમજાવો. 8

(1) ઇ તો મેં એનું મોઢું જોયું ત્યારથી જ મને લાગતું કે આ માણસ સારો નથી.

(2) જે દિવસે હું તારા નામે ઓળખાઉં એવી નામના કાઢે ત્યારે ઘેર પાછો ફરજે તે પહેલાં નહી.

(3) વ્યાપાર એક્જ જ્ઞાન મળે તે લેવું અનેપાસે હોય તેઆપવું.

(4) આવે કટોકટીને પ્રસંગે દેશ પ્રત્યે મારું કર્તવ્ય શું હોઇ શકે?

(5) ભાણાભાઇને બદામ સાકર ખવરાવો.

(બ) કોઇ પણ બે પ્રશ્નોના સાત-આઠ વાક્યમાં જવાબ લખો. 8

(1) ચંદ્રવદનનો પાત્ર પરિચય આપો.

(2) વિદ્યાર્થીઓના જંગી સરઘસનું વર્ણન પાઠનાઆધારે કરો.

(3) શીલા અને સુહાસ દેસાઇનાં સુખી લગ્નજીવન વિશેટૂંકમા નોંધ લખો.

(ક) નીચેનામાંથી કોઇ બે પ્રશ્નોના બે ત્રણ વાક્યો માં ઉત્તર લખો. 4

(1) માણસને એક દિવસ જાનવરો ઉપર નભવાનો વારો આવશે. એમ લેખક શા માટે કહે છે?

(2) કનુએ કોલકતાથી પિતા પત્રમાં શું લખ્યું હતુ?એવાંચીને ગોરબાપા પર શી અસર થઇ?

(3) કેવા સંતાનોને માબાપની આજ્ઞા વિરુધ્ધવર્તન કરવાનો ધર્મ પ્રાપ્ત થયો છે?

5.(અ) નીચેનામાંથી કોઇ પણ ત્રણ પ્રશ્નોના બે ત્રણ વાક્યો માં જવાબ આપો. 6

(1) મુક્તકમાં કવિનો હકારાત્મક દ્રષ્ટિકોણ કઇ રીતે પ્રગટ થાય છે?

(2) નદીનાં વહેતા જળમાં કવિને શું સંભળાય છે?

(3) પ્રભુપાસે કવિએ શી માંગણી કરી? તે દ્વારા તેઓ શુંકરવા માંગે છે?

(4) તેજ- તિમિરનો આનંદ કઇ રીતે માણે છે?

www.careerindia.com

CAREERINDIA

(બ) નીચેના માંથી કોઇપણ બે પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો. 8

(૧) બનાવટી ફૂલોને કાવ્યમાં કવિએ બનાવટી ફૂલો અને સાચા ફૂલોની વર્ણવેલી વિશિષ્ટતા વર્ણવો.

(૨) મને એજ સમજાતું નથી કાવ્ય દ્વારા સમાજમાંચાલતી વિષમતા દર્શાવવા કવિએ દર્શાવેલ દ્રષ્ટાંતો લખો.

(3) સ્વતંત્રતાપછી દેશની સ્થિતિ માટેની કવિની વેદના વર્ણવો.

(ક) નીચેની કાવ્ય વાંચી નીચે આપેલા દરેક પ્રશ્નો નાં ઉત્તર લખો. 6

અઢળક ઢળિઓ રે શામળિઓ
ચપટી તાંદુલ વેર્યા ત્યાં તો મબલખ મોલે લળિઓ!
ખુલ્લાં ખાલીખમ ખેતર તે
આજ ઝૂમતાડૂંડે,
લુખ્ખી જે લયહીન હવાતે
ગુંજન કરતી હૂડે
જર્જર્શુષ્ક ધરાને ફરીથી જોબન અવસર્મળિયો,
ઉંચે આભ નીચે જલથલમાં
આતે ક્શી નવાઇ!
જયાંજ્યાં નજર ફરે તેસઘળું
સાવ ગયું પલટાઇ.
ભેંકાર હતો જે ભૂત હુંય તે દેવલોકમાં ભળિઓ!

પ્રશ્નો:

(1) કાવ્યપંક્તિમાં શામળિયો શબ્દ કોના માટે વપરાયો છે?

(2) વાદળ વરસ્યા પછી ખેતર માં શું પરિવર્તન આવ્યું?

(3) વાદળ વરસ્યા પછી હવા કેવી બની ગઈ?

(4) વર્ષા બીજે કયાં કયાં પરિવર્તન લાવેછે?

(5) વર્ષાની કવિ પર શી અસર થાયછે?

(6) અઢળક શબ્દનો અર્થ સમજાવો.

6. નીચેનામાંથી કોઇપણ એક લેખકનો પરિચય આશરે ૨૦૦ શબ્દોમાં લખો. 10

(1) ગોર્વધનરામ ત્રિપાઠી

(2) નર્મદ

(3) પન્નાલાલ પટેલ

www.careerindia.com